| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ – ૦૩<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રીમતી ગીતાબા જાડેજા–ગોંડલ |
|---|---|
| પ્રશ્ન–૪ | અમદાવાદ–રાજકોટ છ–માર્ગીયકરણ પ્રોજેકટમાં હાલમાં કેટલા બ્લેક સ્પોટનો આ પ્રોજેકટથી નિકાલ થયેલ છે? બ્લેક સ્પોટ કેવી રીતે નકકી કરવામાં આવે છે ? સરકારશ્રી દ્વારા રસ્તાના વપરાશકર્તાઓની ફરિયાદનો નિવારણ માટે કોઇ વિશેષ વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે ? |
| જવાબ–૪ | ➢ રાષ્ટ્રીય ધોરીમાર્ગના ૫૦૦ મીટરની લંબાઈમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૫ (પાંચ) માર્ગ અકસ્માત થયેલ હોય અથવા ૧૦ જાનહાનિ થયેલ હોય તો તેને બ્લેક સ્પોટ તરીકે જાહેર કરવામાં આવે છે.<br>➢ અમદાવાદ–રાજકોટ છ–માર્ગીયકરણ પ્રોજેકટમાં હાલમાં કુલ ૨૬ બ્લેક સ્પોટનો આ પ્રોજેકટથી નિકાલ થયેલ છે અને કુલ ૧૧ જેટલા બ્લેક સ્પોટનો કાયમી નિકાલ કરવામાં આવશે. આમ કુલ ૩૭ બ્લેક સ્પોટનો કાયમી નિકાલ થશે.<br>➢ ગુજરાત સરકાર દ્વારા રાજયના રસ્તા પર થયેલ નુકશાનનુ પ્રજા દ્વારા સરકાર સમક્ષ ફરીયાદ કરવા માટેની એક ગુજરાત માર્ગ સહાયક (ગુજ માર્ગ) મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરવામાં આવેલ હતી જેના દ્વારા રાજયના નાગરિક કોઈપણ રસ્તા પર પડેલ ખાડા કે અન્ય તકલીફો માટે તે એપ્લીકેશનના માધ્યમથી તેનો ફોટો તથા તેની વિગતો સાથેની ફરીયાદ સલગ્ન વિભાગના ફીલ્ડ ઓફીસરને ત્વરીત મળે તેવી વ્યવસ્થા કરેલ છે.<br>➢ આ એપ્લીકેશનના માધ્યમથી ફરીયાદોનુ સકારાત્મક નિરાકરણ લાવવામાં આવે છે. આમ રાજય સરકારના વિશિષ્ટ પ્રયાસથી વાહન વ્યવહારની સલામતી અને સુગમ પરિવહન ઉપલબ્ધ કરવાના પ્રયાસો સતત ચાલુ છે. |